### નાતાલની સાંજ દહેગામ માટે યાદગાર બની

# યુવા સંસ્થાના આરંભ સાથે નવા નાટકનો પ્રયોગ યોજાયો

## ચારસોથી વધુ નાગરિકોએ વ્યસન મુક્તિ માટે શપથ ગ્રહણ કર્યા

ગાંધીનગર, તા. ૨૩

નાતાલનું પવિત્ર પર્વ દહેગામ નગર માટે યાદગાર બની રહ્યું હતું કારણ કે એકસાથે બે મોટા ઉપક્રમ અહીં યોજાયા હતા.

વિવેકાનંદ યુથ ક્લબ નામે એક યુવા સંસ્થાનો દહેગામમાં આરંભ થયો હતો અને પોતાની સર્જનાત્મક પ્રવૃત્તિઓના પહેલા ચરણ રૂપે સંસ્થા દ્વારા એવન ગૃપ-ડ્રીમ કન્સલ્ટન્સી, દહેગામના સૌજન્યથી સ્વામી વિવેકાનંદ નામક નાટકના જાહેર પ્રયોગનું આયોજન કરવામાં આવ્યું હતું.

દહેગામ તાલુકા ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત ગીતાબેન પટેલ સેન્ટર ફોર ઈન્ટરેક્ટીવ લર્નીંગ, એમ બી કૉલેજ ઑફ કોમર્સ એન્ડ આર્ટ્સ, દહેગામ ખાતે બુધવારે રાત્રે આયોજિત આ કાર્યક્રમમાં દહેગામ વિસ્તારનાં ધારાસભ્ય કામીનીબેન રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સંસ્થાના યુવા સભ્યો તેમજ નાટ્ય કલાકારોને શુભકામનાઓ પાઠવી હતી.

મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને સંસ્થાનો પ્રારંભ કરાયા બાદ ઉપસ્થિત સૌ પ્રેક્ષકોને વ્યસન મુક્તિ માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા. ચારસોથી વધુ નાગરિકોએ સ્વેચ્છાએ ન માત્ર વ્યસનમુક્તિના શપથ લીધા હતા, પરંતુ અન્યોને પણ વ્યસન છોડાવવા માટેનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.



એ પછી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત દ્વારા નિર્મિત-લિખિત-દિગ્દર્શિત સ્વામી વિવેકાનંદ નામક દ્વિઅંકી નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું, જેને પ્રેક્ષકોનો ભરપૂર પ્રતિસાદ સાંપડ્યો હતો. અમદાવાદ-ગાંધીનગરના પંદર જેટલા કલાકારોએ પોતાના પ્રભાવી અભિનય દ્વારા નાટકના આરંભથી માંડીને અંત સુધી પ્રેક્ષકોને જકડી રાખ્યા હતા. ગીત-સંગીત-લાઈટ્સ, યાદગાર દ્રશ્યો અને ચોટદાર સંવાદોથી સભર આ નાટકને દહેગામની જનતાએ મુક્ત મને સરાહ્યું હતું અને સૌ કલાકારોને બિરદાવ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન વિવેકાનંદ યુથ ક્લબના પ્રમુખ સંકેત પ્રજાપતિએ તથા અંતે, આભાર દર્શન મંત્રી પ્રાંજલ શાહે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કશ્યપ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

# રિક્ષામાં ફોટા સાથેની વિગતો ના ચોંટાડનાર ત્રણ ડ્રાઈવરો સામે કાર્યવાહી

## ચિલોડા પાસેથી ત્રણેય રિક્ષા ચાલકો સામે એસ.ઓ.જી.એ જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કર્યો

ગાંધીનગર, તા.૨૬

જિલ્લા કલેકટર દ્વારા તાજેતરમાં જ સલામતીને ધ્યાને રાખીને જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે કે દરેક રિક્ષામાં તેના ચાલકની વિગતો તથા તેનો ફોટો ચોંટાડવો પડશે. આ જાહેરનામા મુજબ હજુ વિગતો ન ચોંટાડનાર ત્રણ રિક્ષા ચાલકો સામે ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા સર્કલ પાસે ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની ટીમે ચેકીંગ હાથ ધર્યું હતું. ત્યારે રિક્ષા નં. જીજે-૧૮-એ.વી. ૨૮૦૧, જીજે ૨ ટી.ટી. ૬૨૧૩ અને જીજે ૧૮ એ.વી. ૭૦૭૯ ત્રણ રીક્ષાઓમાં તેના ડ્રાઈવરોએ ફોટા તથા વિગતો ચિપકાવી ન હતી. જેને પગલે જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ ત્રણેય રિક્ષાઓના ડ્રાઈવર ચરેડીના નારણ વણઝારા, હાલીસાનાં વિક્રમ રતીભાઈ રાઠોડ અને સેકટર-૬ના ચિરાગ સુરેશભાઈ પંચાલ સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે આ નિયમનું કડક પાલન કરાવવા એસઓજી દ્વારા હજુ સતત ચેકીંગ કરવામાં આવશે અને ડીટેઈલ ન રાખનાર ડ્રાઈવરો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# કલોલમાંથી ત્રણ 'ચિન્દી ચોર' ઝડપાયા

## ટેબલ ફેન, ખુરશીઓ, જુનુ ટીવી અને જુની મુર્તિઓ મળીને રૂ. ૧૧,૮૨૦ના મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ

ગાંધીનગર, તા.૨૬

જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાંથી ત્રણ શખ્સોને પોલીસે જુના ટીવી, ટેબલ, પંખા અને ખુરશીઓ તથા મુર્તિઓ સાથે ઝડપી પાડયા છે. ત્રણેય શખ્સો પાસેથી આરી અને બ્લેડ પણ મળી આવી છે. ચોરીના માલ સાથે ત્રણેયની ધરપકડ કરીને કયાં કયાં ચોરીઓ કરી છે તેની ઊંડી તપાસ કલોલ તાલુકા પોલીસે હાથ ધરી છે.

કલોલ તાલુકા પી.આઈ. બી.એન. દવેની સુચનાથી તેમની ટીમે પેટ્રોલીંગ દરમિયાન ત્રણ શખ્સોને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડયા છે. કલોલના જ ત્રણેય શખ્સો બાબુકાળા દંતાણી, અરવિંદ કિશોર દંતાણી અને દિલીપ લક્ષ્મણ દંતાણીની પેદલ રિક્ષા સહિત આરી-બ્લેડ, પક્કડ સહીતના ગુના કરવા વપરાતા સાધનો ઉપરાંત ચોરીના પાંચ ટેબલફેન, સરસ્વતી અને નટરાજની મૂર્તિ, પાંચ ખુરશી, જુનું ટીવી મળીને કુલ રૂ. ૧૧,૮૨૦ના મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરી લેવામાં આવી છે.



# ગુજરાતી લોક ગાયક દારૂની ખેપ મારતા એલસીબીનાં હાથે ઝડપાયો

## ચિલોડા રોડ પર તેના મોપેડનું ચેકીંગ કરતાં ૪ બિયર-૪ દારૂની બોટલ મળી આવી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર પાસેનાં મોટી શિહોલી ગામમાં રહેતો અને ગુજરાતી લોક ગીતોની કેસેટો પ્રસિધ્ધ કરી ચુકેલો લોક ગાયક બાબુજી ઉર્ફે બાદલ ગાંધીનગર એલ.સી.બી.ના હાથે વિદેશી દારૂ-બિયરની ખેપ મારતા ઝડપાઈ ગયો છે. એલસીબીની ટીમે રૂ. ૩૨ હજારના મુદ્દામાલ સાથે તેની ધરપકડ કરીને ચિલોડા પોલીસ મથકે ગુનો દાખલ કરી પુછતાછ શરૂ કરી છે.

મોટી શિહોલી ગામમાં રહેતો બાબુજી ઊર્ફે બાદલ બળદેવજી ઠાકોરે અગાઉ ગુજરાતી લોકગીતો પર કેસેટો બહાર પાડી છે. સિંગર બાદલ ઠાકોર ચિલોડા રોડ પરથી તેના નંબર પ્લેટ વગરના મોપેડ પર પસાર થઈ રહ્યો હતો ત્યારે એલસીબીની ટીમે તેને પકડીને વાહનની ડેકી તપાસી હતી. ડેકીમાંથી ૪ નંગ બિયરના ટીન અને ૪ નંગ વિદેશી દારૂની બોટલ મળી રૂ. ૨૦૦૦નો દારૂ-બિયર તથા મોપેડ મળીને રૂ. ૩૨ હજારના મુદ્દામાલ સાથે ગુજરાતી લોકગાયકની ધરપકડ કરી કોના દારૂની ખેપ મારે છે તે સહીતની પુછપરછ શરુ કરવામાં આવી છે.

# તપોવન સર્કલ પાસે ટ્રક-બસ વચ્ચે અકસ્માત : ૫ ઘાયલ

## સદનસીબે કોઈ જ જાનહાનિ નહીં : મુસાફરોને નાની-મોટી ઈજાઓ : સવારે બનેલી ઘટના

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક આવેલા તપોવન સર્કલ પાસે આજે સવારે સાડા નવ વાગ્યાના અરસામાં એસ.ટી. બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાવા પામ્યો હતો. આ અકસ્માતમાં સદભાગ્યે કોઈ જાનહાનિ થવા પામી ન હતી. પાંચ મુસાફરો ઘાયલ થતા તેમને સ્થળ પર જ સારવાર આપી દેવામાં આવી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સને સ્થળ પર બોલાવી લેવામાં આવી હતી પરંતુ ગંભીર ઈજાઓ ન હોવાથી ૧૦૮ની ટીમે પણ જરુર જણાય તેને ઘટના સ્થળે જ સારવાર આપી દીધી હતી.

ધારી-વિસનગર રૂટની એસ.ટી. બસ આજે સવારે ગાંધીનગર-અમદાવાદ વાયા તપોવન સર્કલ રૂટ પર મુસાફરો ભરીને જઈ રહી હતી ત્યારે સવારે સાડા નવ વાગ્યાના અરસામાં એસ.ટી. બસ સાથે એક ટ્રક ટકરાઈ ગઈ હતી. આ ટ્રક અને બસ વચ્ચેના અકસ્માતને પગલે મુસાફરોના જીવ પડીકે બંધાઈ ગયા હતાં. જો કે અકસ્માત વધુ ગંભીર ન હોવાથી મુસાફરોના જીવમાં જીવ આવ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સને ઘટનાની જાણ કરતા તાબડતોબ ટીમ સાથે પહોંચી ગઈ હતી. ઘાયલ થયેલા મુસાફરોને સામાન્ય ઈજાઓ હોવાથી હોસ્પિટલ જવાનો ઈન્કાર કરતાં સ્થળ પર જ સારવાર આપી દેવામાં આવી હતી.

# સેક્ટર-૪/એના ઓમકારેશ્વર મહાદેવના પ્રાંગણમાં શિવ મહાપુરાણ કથાનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

પવિત્ર ધનુર્માસ નિમિત્તે શ્રી શિવ પરિવાર દ્વારા સેકટર-૪-એ ખાતે આવેલા શ્રી ઓમકારેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં શ્રી શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથાની સાથે શાસ્ત્રીય સંગીત અને સાહિત્યનો ત્રિવેણી સંગમ ધરાવતા આ કાર્યક્રમની શરૂઆત ૧લી જાન્યુઆરીથી થશે અને તા. ૯મી જાન્યુઆરીએ વિરામ પામશે અને કથાનો સમય દરરોજ બપોરે ૧ વાગ્યાથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધીનો રહેશે.

ગાંધીનગરના પ્રસિધ્ધ કથાકાર અને લોક સાહિત્યકાર કન્હૈયાલાલજી મહારાજની વ્યાસપીઠે યોજાનાર આ શિવ મહાપુરાણ કથામાં આનંદનો ગરબો, પોથી યાત્રા, શકિત પ્રાગટય, શિવ વિવાહ, કાર્તિકેય પ્રાગટય, ગણેશ પ્રાગટય, ગંગા અવતરણ, હનુમાનજી પ્રાગટય અને દ્વાદશ જયોતિર્લીંગ પ્રાગટયોત્સવ જેવા કાર્યક્રમોમાં અનેક નામી કલાકારો તેમની પ્રતિભાના ઓજસ પાથરશે. આ કથાનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને આમંત્રણ અપાયું છે.



ગુજરાત વિધાનસભાના માજી ધારાસભ્ય તેમજ સાબર એજ્યુકેશનની સ્થાપનામાં મહત્ત્વની ભૂમિકા અદા કરનાર સ્વ. લાલસિંહ રહેવરનું ૮૫ વર્ષની વયે તા. ૨૪-૧૨-૨૦૧૩ના રોજ નિધન થતાં સમગ્ર સાબર પરિવારે તેમના દુઃખદ નિધન પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. તા. ૨૬-૧૨-૨૦૧૩ના રોજ કૉલેજ ખાતે એક શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોકસભા દરમિયાન કૉલેજ પર સાબર એજ્યુકેશનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મનિષભાઈ પટેલ, સંસ્થાના ડાયરેક્ટર શ્રી પ્રવેશ ભાદવીયા, પ્રિન્સિપાલ શ્રી ડૉ. રાજીવ વાઘમારે, સ્ટાફ મેમ્બર તથા સંસ્થાના સર્વે વિદ્યાર્થીઓએ મૌન પાળી હૃદયના ઉંડાણપૂર્વક શ્રદ્ધાંજલિ આપી હતી.

# માણસાના આનંદીમાના વડલા ખાતે કલ્યાણકારી કુટુંબ કથાનો આરંભ

માણસા, તા. ૨૬

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ પ્રેરિત માં પાલઈ વિઘ્નેશ્વરી ધામ અને આનંદીમાનો વડલો, માણસા ખાતે આજથી છ દિવસીયકલ્યાણકારી કુટુંબકથાનો પ્રારંભ થયો છે. આ કથાની વ્યાસ પીઠે શ્રી અશ્વિનભાઈ ભાઈશંકર જોષી બિરાજમાન થયા છે.

કલ્યાણકારી કુટુંબકથાના પ્રારંભ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી વજુભાઈ વાળા અને ભક્તિ નિકેતન આશ્રમ, દંતાલીના સ્વામી શ્રી સચ્ચિદાનંદ ઉપસથિત રહયાં હતાં.

કલ્યાણકારી કુટુંબકથાના પ્રારંભ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી વજુભાઈ વાળાએ જણાવ્યું હતું કે, આજે આ કથાના સભા મંડપ નીચે બેઠેલ તમામ વ્યક્તિઓ ભારતીય સંસ્કૃતિને જાળવનાર અને પોતાના માતા-પિતાને પ્રેમ કરનાર છે, તે વાત સાર્થક કરે છે. માણસ કેટલું જીવ્યો તેના કરતા કેવું જીવ્યો તે વાત ખૂબ જ મહત્વની છે, તે લોકવાયકાની સુંદર દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. તેમણે કૃષ્ણની માતા યશોદા, શિવાજીની માતા જીજાબાઈ જેવી માતાને યાદ કરીને ભારપૂર્વક કહ્યું હતું કે, બાળકમાં માતા થકી જ સાચા સંસ્કારનું સિંચન થાય છે.




સ્વામી સચ્ચિદાનંદે જણાવ્યું હતું કે, જીવન કદી પ્રશ્નો વિનાનું હોતું નથી. પ્રશ્નો છોડી જવાથી શાંતિ મળતી નથી પણ પ્રશ્નોનો ઉકેલ જ પહેલી સાધના છે. જે વ્યક્તિ પોતાના જીવનના પ્રશ્નોનો ઉકેલ જાતે લાવી શકે તો તેનું જીવન ધન્ય છે. તેમજ બીજાના પ્રશ્નોનો પણ ઉકેલ લાવે તો તે વ્યક્તિ પોતાના જીવનની સાચી ધન્યતા અનુભવશે. કોઈ પણ પ્રશ્નોનો ઉકેલ ન લાવી શકનાર વ્યક્તિઓને જીવનમાં કોઈને નડતર રૂપ ન બનવાની સલાહ આપી હતી. તેમણે કુદરત અને પરમાત્મા એક જ છે, તેવું જણાવીને કુદરતને પ્રેમ કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

આજના સમયમાં આરોગ્ય, આર્થિક પ્રશ્નો અને લાગણી એ વૃધ્ધાવસ્થાના ત્રણ વિકટ પ્રશ્નો છે, તેવું જણાવી ત્રણેયની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. આ ત્રણેય બાબતને લઈ સર્જતી પરિસ્થિતિનો ઉકેલ શું તેની પણ વિસ્તૃત વાત કરી હતી.

આ પ્રસંગે શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દિનેશ વ્યાસ, આનંદીબાના વડલાના સ્થાપક શ્રી અશ્વિનભાઈ શાહ, મુખ્ય દાતા શ્રી ધનજીભાઈ ગાલા તથા કુંટુંબ કથાના દાતા સર્વ શ્રી અરવિંદભાઈ પટેલ, બળદેવભાઈ પટેલ, જિતેન્દ્રભાઈ બી. ચાવડા, કલાબા બી. ચાવડા સહિત મોટી સંખ્યામાં માણસાના અગ્રણીઓ અને નાગરિકો ઉપસથિત રહયાં હતાં.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬

સૂર્યાસ્ત : ૬.૧૪

## તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૫૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :

ધૂમ-૩ : ૧૧.૧૦, ૨.૪૦, ૬.૨૫, ૧૦.૧૦

: સ્કીન-૨ :

ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૨૫, ૮.૧૦

: સ્કીન-૩ :

ધૂમ-૩ : ૧૦.૧૦, ૫.૨૫, ૯.૧૦

મહાભારત (એનીમેટેડ) : ૧.૪૦

: સ્કીન-૪ :

ધૂમ-૩ : ૮.૧૦, ૧૧.૪૦, ૩.૨૫, ૧૦.૫૫

મહાભારત (એનીમેટેડ) : ૭.૧૦

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :

ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :

ધૂમ-૩ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

: સ્કીન-૩ :

ધૂમ-૩ : ૧૧.૩૦, ૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

ધૂમ-૩ : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્કીન-૨ :

ધૂમ-૩ : ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૦૦

: સ્કીન-૨ :

આર..કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ચિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા નાટક 'મન મળે ત્યાં મેળો' રાત્રે ૯.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. રીમ્પલબેન મૌલિકકુમાર પટેલ (ઉ.વ. ૨૨) ઉમિયાનગર, મુ.પો. દેલવાડ, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. કાશીબેન કાન્તીજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.પો. પોર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પુનાજી મોતીજી રાઠોડ (ઉ.વ. ૧૦૨) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રમણબાળાબેન સનતકુમાર બુચ (ઉ.વ. ૮૬) બ્લોક નં. ૨૫૭/૨, જી-૧, સેકટર-૧૯, ગાંધીનગર.